જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૨૫/૧૮

## ઓટોરીક્ષાની લૂંટ કરનાર રીઢા ગુનેગારોને રંગે હાથે પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી લૂંટના ગુના અટકાવવા તેમજ બનેલ ગુના શોધવા સારૂ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અન્વયે સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા સાથે સર્વેલન્સ સ્કોડના અહેકો દીલીપસિંહ સોબરનસિંહ બ.નં ૭૭૯૯ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં ૩૩૯૫ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન જીઆઈડીસી વટવા ફેઝ-૧ માં આવેલ ફિનોક્ષ કંપની આગળ આવતા એક ઓટોરીક્ષા ખુબ જ ઝડપથી જતી જણાતા પોસઈશ્રી વિરન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસોએ તેનો પીછો કરતા કેનેરા બેંક પાસે રીક્ષા પલટી ખાઈ જતા રીક્ષામાં બે ઈસમો હોય જેઓની પૂછપરછ કરતા નં (૧) પ્રિયકાન્ત ઉર્ફે નાનુ સોમનાથભાઇ કોષ્ટી ઉ.વ ૨૪ રહે,બી/૧૭ મુક્તાનંદ પાર્ક જામફળવાડી રામોલ અમદાવાદશહેર (૨) યતીન પરેશભાઇ રાઠોડ ઉ.વ ૨૬ રહે,બી/૨૬ મુક્તાનંદ પાર્ક જામફળવાડી રામોલ અમદાવાદ શહેર નાઓ હોવાનું જણાવેલ.બાદ આ રીક્ષાના માલિક દોડતા દોડતા આવતા તેઓએ રીક્ષા પોતાની હોવાની તેમજ આ આરોપીઓએ છરી બતાવી રીક્ષાની લૂંટ કરેલ હોવાનું જણાવતા બન્ને આરોપીઓને તા:૩૧/૦૫/૧૮ ના ૬:૦૧/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.અને તેઓની પાસેથી લૂંટમાં ગયેલ ઓટોરીક્ષા નં જીજે-૨૭-ટી-૨૦૬૭ ની કિંમત રૂ ૨૫,૦૦૦/- તથા ગુનાના કામે વાપરેલ છરી કબ્જે કરવામાં આવેલ છે.

(૧) આરોપી નં ૧ ઓઢવ પો.સ્ટે તેમજ રામોલ પો.સ્ટે બાઈક ચોરીના ગુનામાં પકડાયેલ છે.

(૨) આરોપી નં ૧ ઈસનપુર પો.સ્ટે તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે તેમજ પાલડી પો.સ્ટે લૂંટના ગુનામાં પકડાયેલ છે.

(૩) આરોપી નં ૧ અમરાઈવાડી પો.સ્ટે રામોલ પો.સ્ટે મારામારીના ગુનામાં પકડાયેલ છે.

(૪) આરોપી નં ૧ રામોલ પો.સ્ટે ઈન્ગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલ છે.

(૫) આરોપી નં ૧ એ રાજકોટ ખાતે પાસા અટકાયત ભોગવેલ છે.

**<u>દશ વર્ષ થી ફરાર અપહરણ તથા બળાત્કારના ગુનાના કામે ૧૦ વર્ષની સજા થયેલ કેદીને મહારાષ્ટ્ર, મુંબઇ ખાતે થી ઝડપી લઇ, જેલ હવાલે મોકલી આપતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>**

આગામી રથયાત્રાના ઉત્સવમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ જેલમાંથી છુટી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા માટે પોલીસ મહાનિર્દેશક શ્રી સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓ તરફથી ખાસ ઝુંબેશ રાખેલ હોય, જે અન્વયે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓ તરફ થી રાજયની જેલો માંથી પેરોલ/ફર્લો/વચગાળા જામીન ઉપર છુટી ફરાર થયેલ કેદીઓને તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના કરેલ હોય. જેઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ ટેક્નીકલ સેલ, ક્રાઇમ બ્રાન્ચના પો.સબ ઇન્સ. શ્રી. કુલદીપ પરમાર તથા સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓની અલગ-અલગ ટીમો બનાવી સ્ટાફના માણસો સાથે પેરોલ-ફર્લો ફરારી કેદીઓની શોધખોળ તપાસ હાથ ધરેલ હતી.

અમદાવાદ શહેર, બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૨૬/૨૦૦૫ ઇપીકો ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનાના કામે ૧૦ વર્ષની કેદની સજા પામેલ અમદાવાદ મધ્યસ્થ જેલ પાકા નં.ડ/૧૧૭૭૦ અજીત ઉર્ફે ઉદય ઉર્ફે મહેન્દ્ર ઉર્ફે રાજવીર જયરામભાઇ વાઘેલા (પટણી) ઉ.વ.૩૪, રહે. ગામ. ભોળાદ, તા. ધોળકા, જી. અમદાવાદનો અમદાવાદ મધ્યસ્થ જેલ માંથી તા.૧/૦૭/૨૦૦૮ ના રોજ દિન-૧૪ ની ફર્લો રજા ઉપર છુટેલ હતો. જેને તા.૧૪/૦૭/૨૦૦૮ ના રોજ ફર્લો રજા પુરી થયે થી જેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ પોતે જેલ પર હાજર થયેલ નથી અને ફર્લો રજા ઉપર થી ફરાર થઇ ગયેલ હોય. જે ફર્લો ફરારી કેદી છે. જે અંધેરી વેસ્ટ, મુંબઇ, મહારાષ્ટ્ર ખાતે હોવાની બાતમી હકિકત સ્ટાફના એ.એસ.આઇ. અરુણભાઇ ભગવાનદાસ તથા હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા નાઓને મળતા પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી સ્ટાફના માણસો સાથે મહારાષ્ટ્ર, મુંબઇ ખાતે જઇ ફરાર કેદીની તપાસ કરતા ઉપરોકત ફર્લો ફરારી કેદી અંધેરી વેસ્ટ, મુંબઇ, મહારાષ્ટ્ર ખાતે થી મળી આવતા તેને પકડી પાડી તા.૨૯/૦૫/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી આગળની સજા ભોગવવા સારૂ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર કેદી અગાઉ તેના માતા-પિતા સાથે વાપી, બલીઠા ખાતે રહેતો હતો. જ્યાં તેના માતા-પિતા ચાદરોની ફેરી કરી વેચવાનુ કામ કરતા હતા. આ સમય દરમ્યાનમાં કેદીએ તેની નજીકમાં રહેતા પડોશીની સગીર દિકરી સાથે પરીચય કેળવેલો હતો અને જેની સાથે અવાર નવાર મુલાકાત કરતો હતો. ત્યાર બાદ સને-૨003 માં પડોશી તેમના પરીવાર સાથે અમદાવાદ, બાપુનગર ખાતે રહેવા આવતા કેદી તેમની સગીર દિકરી સાથે ફોન ઉપર અવાર નવાર વાતચીત કરતો હતો. તેમજ તેને અમદાવાદ બાપુનગર ખાતે મળવા આવતો હતો. દરમ્યાન નવેમ્બર-૨૦૦૫ માં ઉપરોક્ત કેદી અમદાવાદ બાપુનગર ખાતે આવેલો અને સગીર દિકરી તથા તેની બે સગીર બહેનપણીઓને મળેલો અને ત્રણેય સગીર છોકરીઓને પોતાની સાથે રીક્ષામાં બેસાડી કાંકરીયા ફરવા લઇ ગયેલ. જ્યાં તેઓને નાસ્તો કરાવેલ. બાદ એક સગીર છોકરીને ઘરે મોડુ થતુ હોય, તેને રીક્ષામાં બેસાડી તેના ઘર નજીક ઉતારી દીધેલ અને બે સગીર છોકરીઓને લગ્ન કરવાની લાલચ આપી પોતાની સાથે ધોળકા ખાતે લઇ

ગયેલો. જ્યાં તેના માસીના ઘરે રોકાયેલો અને રાત્રીના સમયે બંને સગીર છોકરીઓ ઉપર બળાત્કાર ગુજારેલ હતો. ત્યાર બાદ બંને છોકરીઓને લઇ તેના વતન ગામ ખાતે ગયેલ હતો અને ચાર દિવસ સુધી બંને છોકરીઓને પોતાની પાસે રાખેલ અને બંને ઉપર અવાર નવાર બળાત્કાર ગુજારેલ હતો. જે બાબતે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે પડોશીએ ફરીયાદ આપતા બાપુનગર પોલીસ દ્વારા ભોગ બનનાર બંને સગીર છોકરીઓને કેદીના ગામથી શોધી કાઢેલ અને કેદીને ગુનાના કામે પકડી અટક કરેલ. જે કેસ નામદાર કોર્ટમાં ચાલી જતા અમદાવાદ સીટી સેશન્સ કોર્ટે કેદીને તા.૨૯/૦૮/૨૦૦૭ ના રોજ દશ વર્ષ કેદની સજા કરેલ હતી. બાદ કેદીએ બે વર્ષ સુધી સજા કાપેલ હતી. બાદ તા.૦૧/૦૭/૦૮ ના રોજ દિન-૧૪ ની ફર્લો રજા ઉપર અમદાવાદ, મધ્યસ્થ જેલ, સાબરમતી ખાતેથી છુટેલ હતો અને રજા પુરી થતા પરત જેલ પર હાજર થયેલ નથી અને ફર્લો રજા પરથી ફરાર થઇ ગયેલ હતો.

કેદી ફર્લો રજા પરથી ફરાર થયા બાદ એક મહીના સુધી અમદાવાદમાં રોકાયેલ હતો. ત્યારબાદ મુંબઇ ખાતે જતો રહેલ હતો જ્યાં બોરીવલી ખાતે એક વડાપાવની લારી ઉપર નવેક મહિના સુધી કામ કરેલ હતુ. બાદ ત્યાં ગોવા ખાતે જતો રહેલ હતો. જ્યાં બાઘા બીચ ઉપર રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. તે દરમ્યાન તેણે ટેટુ બનાવવાનુ કામ શીખેલ હતો. જ્યાં પાંચ વર્ષ સુધી રહેલ હતો. બાદ નેપાળ ખાતે ગયેલો અને નેપાળમાં કાઠમંડુ ખાતે આઠ મહિના સુધી રોકાયેલ તે દરમ્યાન ટેટુ દોરવાનુ કામ કરતો હતો. બાદ તે પરત ગોવા ખાતે આવેલો અને એક વર્ષ સુધી રહી તેણે ટેટુ દોરવાનુ કામ કરેલુ. આ દરમ્યાનમાં મુળ ઉત્તરપ્રદેશની અને મુંબઇ ખાતે અભ્યાસ કરતી એક છોકરી સાથે પ્રેમ થતા બંને એ પ્રેમલગ્ન કરી લીધેલ હતા. ત્યાર બાદ સન-૨૦૧૬ માં કેન્યા ખાતે ગયેલ હતો. જ્યાં એક મહિના સુધી રોકાયેલ હતો જ્યાં તે ટેટુ દોરવાનુ કામ કરતો હતો. બાદ રાજસ્થાન, ઉદયપુર ખાતે તેની પત્નિ સાથે છેલ્લા એક વર્ષથી રહેતો હતો. અને ટેટુ દોરવાનુ કામ કરતો હતો. સદર કેદી હાલ છેલ્લા ત્રણ મહીનાથી અંધેરી વેસ્ટ મુંબઇ ખાતે ભાડાની દુકાન રાખી દુકાનમાં એકલો રહી ટેટુ દોરવાનુ કામ કરે છે. તેની પત્ની રાજસ્થાન, ઉદયપુર ખાતે રહે છે.

**<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન</u>**

મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓની સુચના અને ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ ડીવીઝન સાહેબના માર્ગદર્શન હેઠળ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી જે.એસ.પટેલ સોલા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની રાહબરી હેઠળ પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સારૂ પેટ્રોલીંગ ફરી આજરોજ તા.૩૧/૫/૧૮ ના રોજ સોલા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જી.એસ.સ્વામી તથા સાથેના સ્ટાફના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન આરોપી પિંટુ ઉર્ફે ખીલ્લિ મહેન્દ્રભાઇ મોચી ઉ વ-૨૭ રહે-ફોરમ રો-હાઉસ મકાન નં.૪ નીતી બાગ સોસાયટી સામે સોલા અમદાવાદ વાળાના ઘરે બાતમી આધારે પંચો સાથે રેઈડ કરી આરોપીએ વગર પાસ પરમીટે રાખેલ બિયરના ટીન નંગ-૧૧૬ કિ.રૂ.૧૭૪૦૦/-નો શોધી કાઢી આરોપી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ

# <u>પરપ્રાંતિય દારૂ ભરેલ કોટરો સાથે આરોપણબેનને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનના ગુનાઓની પ્રવૃત્તિ અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ સુચના અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા મસઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા એલ.આર રવિકુમાર શાહુભાઈ તથા એલ.આર દિવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ તથા વુ.લો.ર સરલાબેન જૈસીંગભાઈ બ.નં ૮૪૩ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યયાન એલ.આર દિવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ નાઓની હકીકત આધારે તા:૩૦/૦૫/૧૮ ના વટવા રેલ્વે સ્ટેશન સામેના કાચા છાપરાની પાછળ જાહેરમાંથી એક બહેન **<u>મનીષા વા/ઓ મુકેશભાઈ ભાંભોર ઉ.વ ૨૪ રહે વટવા રેલ્વે સ્ટેશન સામે સામેના કાચા છાપરામાં જીઆઇડીસી વટવા અમદાવાદ શહેર</u>** નાને ગેર કાયદેસર વગર પાસ પરમીટે પર-પ્રાંતીય Royal Knight MALT WHISKY ના કોટર નંગ ૯૬ કિ.રૂ ૭૬૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી નજરકેદ કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.